" નવાં વર્ષ માં સદા ઉમંગ - ઉત્સાહ માં ઉડજો અને સર્વ પ્રત્યે મહાદાની , વરદાની બની વ્યર્થ ને સમાપ્ત કરજો"

આજે નવયુગ નવી સૃષ્ટિ નાં રચયિતા બાપદાદા પોતાનાં નવયુગનાં આધારમૂર્ત બાળકોને જોઈ રહ્યાં છે. બાપદાદા ની સાથે-સાથે તમે બધાં બાળકો સદા સહયોગી છો, એટલે તમે જ આધારમૂર્ત છો. દુનિયાનાં હિસાબ થી આજનો દિવસ વર્ષ નો સંગમ છે. જૂનું વર્ષ જઈ રહ્યું છે અને નવું વર્ષ આવી રહ્યું છે. આ છે વર્ષનો સંગમ દિવસ અને તમે બેઠા છો બેહદનાં સંગમયુગ પર. તમે બધાં નવાં વર્ષની સાથે-સાથે નવાં યુગની બધાંને મુબારક આપો છો. એક દિવસની મુબારક નથી, પરંતુ નવયુગ નાં અનેક જન્મોની મુબારક આપો છો. આ સંગમ પર સારી રીતે અનુભવ કરો છો કે આ સમયે અમારું બ્રાહ્મણ આત્માઓનું નવું જીવન છે. નવાં જીવનમાં આવી ગયાં છો ને. બ્રાહ્મણોનો સંસાર જ નવો છે. અમૃતવેલા થી જુઓ આ નવી રીત, નવી પ્રીત છે. જૂની દુનિયાની દિનચર્યા અને નવાં જીવન બ્રાહ્મણ જીવનની દિનચર્યા માં કેટલું અંતર છે! બધું નવું થઈ ગયું-સ્મૃતિ નવી, વૃત્તિ નવી, દૃષ્ટિ નવી, બધું બદલાઈ ગયું ને. અને નવું જીવન કેટલું પ્રિય લાગે છે! આમ પણ નવી વસ્તુ બધાંને પ્રિય લાગે છે. જૂની વસ્તુ છોડવાનું ઈચ્છે છે અને નવી વસ્તુ લેવાનું ઈચ્છે છે. તો આ સમયનો આ નાનો નવો સંસાર છે. સંસાર પણ નવો અને સંકલ્પ પણ નવાં, તેથી દુનિયા વાળા પણ નવાં વર્ષ ને ધામધૂમ થી મનાવે છે.

મનાવવાનો અર્થ છે ઉમંગ-ઉત્સાહ માં આવવું. ઉત્સાહ હોય છે, એટલે મનાવવા નાં દિવસ ને ઉત્સવ કહેવાય છે. ઉત્સાહ થી જ એક-બીજાને વધાઈઓ તથા મુબારક આપે છે અથવા ગ્રીટિંગ્સ (શુભેચ્છા) આપે છે. આપ બ્રાહ્મણ આત્માઓ માટે દરેક દિવસ ઉત્સવ છે. સદા ઉત્સવ અર્થાત્ ઉમંગ-ઉત્સાહ માં રહો છો. આ ઉમંગ-ઉત્સાહ જ બ્રાહ્મણ જીવન છે. દુનિયાની રીત પ્રમાણે વિશેષ દિવસ ને મનાવો છો, આજે મનાવવા માટે ભેગા થયાં છો ને. પરંતુ તમારો નવયુગ નવાં જીવનનો ઉમંગ-ઉત્સાહ સદા છે. એવું નથી કે ૨ તારીખ થઈ જશે તો ઉમંગ-ઉત્સાહ ખલાસ થઈ જશે, એક માસ થઈ ગયો તો હવે ખતમ થઈ જશે. દરેક દિવસે ઉમંગ-ઉત્સવ વધતો જાય છે, ઓછો નથી થતો. એવું છે ને? કે પોત-પોતાનાં સ્થાન પર જશો તો ઉત્સાહ ખતમ થઈ જશે? દરેક ઘડી ઉમંગ-ઉત્સાહ ની છે કારણ કે ઉમંગ-ઉત્સાહ જ આપ બ્રાહ્મણોની ઉડતી કળાની પાંખો છે. આ ઉમંગ-ઉત્સાહ ની પાંખો થી સદા ઉડતાં રહો છો. જો કાર્ય અર્થ કર્મમાં પણ આવો છો તો પણ ઉડતી કળાની સ્થિતિ થી કર્મયોગી બની કર્મ માં આવો છો. તો ઉડતી કળા વાળા છો ને, તો વગર પાંખો નાં તો ઉડી નથી શકતાં. આ ઉમંગ-ઉત્સાહ ઉડતી કળાની પાંખો સદા સાથે છે. આ ઉમંગ-ઉત્સાહ આપ બ્રાહ્મણો માટે મોટાં માં મોટી શક્તિ છે. નીરસ જીવન નથી. દુનિયા વાળા તો કહેશે કે શું કરીએ, રસ નથી, નીરસ છે, બેરસ છે અને તમે શું કહેશો ઉમંગ-ઉત્સાહ નો રસ છે જ છે. ક્યારેય દિલશિકસ્ત (નિરાશ) નથી થઈ શકતાં. સદા દિલ ખુશ. કેવી પણ મુશ્કેલ વાત હોય, પરંતુ ઉમંગ-ઉત્સાહ મુશ્કેલ ને સહજ કરી દે છે. ઉત્સાહ તોફાન ને પણ તોહફા (ભેટ) બનાવી દે છે, પહાડને પણ રાઈ નહીં પરંતુ રુ બનાવી દે છે. ઉત્સાહ કોઈપણ પરીક્ષા તથા સમસ્યા ને મનોરંજન અનુભવ કરાવે છે એટલે ઉમંગ-ઉત્સાહમાં રહેવા વાળા નવયુગ નાં આધારમૂર્ત નવ જીવન વાળા બ્રાહ્મણ આત્માઓ છો. પોતાને જાણો છો. માનો પણ છો કે ફક્ત જાણો છો? શું કહેશો? જાણો પણ છો, માનો પણ છો અને એમાં ચાલો પણ છો. સદા આ ઉત્સાહ રહે છે કે કલ્પ પહેલાં પણ અમે જ હતાં, હમણાં પણ છીએ અને અનેક વાર અમે જ બનીશું. તો અવિનાશી ઉત્સાહ થઈ ગયો ને. હતાં, છો અને સદા હશો - ત્રણેય કાળ નાં થઈ ગયાં ને. પાસ્ટ, પ્રેઝન્ટ અને ફ્યુચર (ભૂત, વર્તમાન અને ભવિષ્ય), ત્રણ કાળ થઈ ગયાં. તો અવિનાશી થઈ ગયાં ને. બાપદાદા જોઈ રહ્યાં હતાં કે અવિનાશી ઉમંગ-ઉત્સાહ માં રહેવા વાળા આત્માઓ નંબરવાર છે કે બધાં નંબરવન છે? જ્યારે છે જ નિશ્ચયબુદ્ધિ વિજયી તો વિજયી જરુર નંબરવન હશે ને, નંબરવાર થોડી હશે.

તો સદા નવ જીવન નાં આ ઉત્સાહ માં ઉડતાં ચાલો કારણ કે તમે આધારમૂર્ત છો. ફક્ત પોતાનાં જીવન માટે આધાર નથી પરંતુ વિશ્વ નાં સર્વ આત્માઓનાં આધારમૂર્ત છો. તમારી શ્રેષ્ઠ વૃત્તિ થી વિશ્વનું વાતાવરણ પરિવર્તન થઈ રહ્યું છે. તમારી પવિત્ર દૃષ્ટિ થી વિશ્વનાં આત્માઓ અને પ્રકૃતિ-બંને પવિત્ર બની રહ્યાં છે. તમારી દૃષ્ટિ થી સૃષ્ટિ બદલાઈ રહી છે. તમારા શ્રેષ્ઠ કર્મો થી શ્રેષ્ઠાચારી દુનિયા બની રહી છે. તો કેટલી જવાબદારી છે!

વિશ્વની જવાબદારી નો તાજ પહેરેલો છે ને? કે ક્યારેક ભારે લાગે છે તો ઉતારી દો છો? શું કરો છો? જે ડબલ લાઈટ (હળવા) રહે છે એમને એ જવાબદારી નો તાજ પણ સદા લાઈટ (હળવો) અનુભવ થશે, ભારે નહીં લાગે. આ સમય નાં તાજધારી ભવિષ્ય નાં તાજધારી બને છે. તો નવાં વર્ષમાં શું કરશો? અવ્યક્ત વર્ષ પણ મનાવ્યું, અવ્યક્ત વર્ષ અર્થાત્ ફરિશ્તા બની ગયાં કે હવે બનવાનું છે? ફરિશ્તા શું કરે છે?

અવ્યક્ત નો અર્થ જ છે ફરિશ્તા. વર્ષ પૂરું કર્યું તો ફરિશ્તા બન્યાં ને, કે નહીં? અવ્યક્ત વર્ષ હવે લાંબુ કરી દે? બે વર્ષ નું એક વર્ષ બનાવી દે? હવે વધારે આગળ વધવાનું છે ને. અવ્યક્ત વર્ષ મનાવ્યું, હવે ફરિશ્તા બનીને શું કરશો?

હંમેશા દરેક દિવસે, દરેક સમયે મહાદાની અને વરદાની બનવાનું છે. તો આ વર્ષ મહાદાની વરદાની વર્ષ મનાવો. જે પણ સંબંધ-સંપર્કમાં આવે એ આત્માને મહાદાની બની કોઈ ને કોઈ શક્તિ નું, જ્ઞાન નું, ગુણ નું, દાન આપવાનું જ છે. ત્રણેય ખજાના કેટલાં ભરપૂર થઈ ગયાં છે! જ્ઞાન નો ખજાનો ભરપૂર છે કે થોડો ઓછો છે? માસ્ટર નોલેજફુલ (માસ્ટર જ્ઞાન સાગર) છો ને. તો જ્ઞાનનો ખજાનો પણ છે, શક્તિઓનો ખજાનો પણ છે અને ગુણોનો ખજાનો પણ છે. ત્રણેયમાં સંપન્ન છો કે એક માં સંપન્ન છો, બે માં નથી? વર્તમાન સમયે આત્માઓને ત્રણેયની બહુજ આવશ્યકતા છે. આખાં દિવસમાં કાંઈ ને કાંઈ દાન આપવાનું જ છે, ભલે જ્ઞાનનું, કે શક્તિઓનું, અથવા ગુણોનું, પરંતુ આપવાનું જ છે. મહાદાની આત્માઓનો દાન આપ્યાં વગરનો કોઈ પણ દિવસ ન હોય. એવું નથી, વર્ષ પૂરું થઈ જાય અને કહો અમને તો ચાન્સ જ નહીં મળ્યો (તક જ નહીં મળી). ચાન્સ લેવો પણ પોતાનાં ઉપર છે કે ચાન્સ આપવા વાળા આપે ત્યારે ચાન્સ લઈ શકો કે સ્વયં પણ ચાન્સ લઈ શકો છો, લેતાં આવડે છે? કે કોઈ આપે તો લેતા આવડે છે? કોઈ ચાન્સ નહીં આપે તો શું કરશો? જોતાં, વિચારતાં રહેશો? આખાં દિવસમાં ભલે બ્રાહ્મણ આત્માઓનાં, કે અજ્ઞાની આત્માઓનાં સંબંધ-સંપર્ક માં તો આવો જ છો ને, જેનાં પણ સંબંધ-સંપર્ક માં આવો એમને કાંઈ ને કાંઈ દાન અર્થાત્ સહયોગ આપો. દાન શબ્દ નો રુહાની અર્થ છે સહયોગ આપવો. તો રોજ મહાદાની તથા વરદાની બની વરદાન કેવી રીતે આપશો? વરદાન આપવાની વિધિ શું છે? તમારા જડચિત્રો પણ હજી સુધી વરદાન આપી રહ્યાં છે. તો વરદાન આપવાની વિધિ છે-જે પણ આત્મા સંબંધ-સંપર્ક માં આવે એને પોતાની સ્થિતિ નાં વાયુમંડળ દ્વારા અને પોતાની વૃત્તિ નાં વાઈબ્રેશન (પ્રકંપન) દ્વારા સહયોગ આપવો અર્થાત્ વરદાન આપવું. કેવાં પણ આત્મા હોય, ગાળો આપવા વાળા પણ હોય, નિંદા કરવા વાળા હોય પરંતુ પોતાની શુભ ભાવના, શુભકામના દ્વારા, વૃત્તિ દ્વારા, સ્થિતિ દ્વારા એવાં આત્માઓને પણ ગુણ દાન અથવા સહનશીલતા ની શક્તિ નું વરદાન આપો. જો કોઈ ક્રોધ અગ્નિ માં બળતા-બળતા તમારી સામે આવે તો આગ માં તેલ નાખશો કે પાણી નાખશો? પાણી નાખશો ને કે થોડાં તેલ નાં પણ છાંટા નાંખશો? જો ક્રોધી ની આગળ પોતાનાં મુખ થી ક્રોધ ન કર્યો, મુખ થી તો શાંત રહ્યાં પરંતુ આંખો દ્વારા, ચહેરા દ્વારા ક્રોધની ભાવના રાખી તો પણ તેલ નાં છાંટા નાંખ્યા. ક્રોધી આત્મા પરવશ છે, રહેમ નાં શીતળ જળ દ્વારા વરદાન આપો. તો એવાં વરદાની બન્યાં છો? કે જે સમયે આવશ્યકતા છે એ સમયે સહનશક્તિ નું તીર નથી ચાલતું? જો સમય પર કોઈ પણ અમૂલ્ય વસ્તુ કાર્યમાં નહીં લાગી તો એને અમૂલ્ય કહેવાશે? અમૂલ્ય અર્થાત્ સમય પર મૂલ્ય કાર્યમાં લાગે. તો આ વર્ષે શું કરશો? મહાદાની, વરદાની બનો. ચૈતન્યમાં સંસ્કાર ભરો છો ત્યારે તો જડ ચિત્રો દ્વારા પણ વરદાની મૂર્ત બનો છો. સંસ્કાર પણ હમણાં ભરવાના છે ને, કે જે સમયે મૂર્તિ બનશે એ સમયે ભરશો?

મહાદાની-વરદાની મૂર્ત બનવાથી વ્યર્થ સ્વતઃ જ ખતમ થઈ જશે કારણ કે જે મહાદાની છે, વરદાની છે, બીજાને આપવા વાળા દાતા છે તો દાતા નો અર્થ જ છે સમર્થ. સમર્થ હશે ત્યારે તો આપશે. તો જ્યાં સમર્થ છે ત્યાં વ્યર્થ સ્વતઃ જ ખતમ થઈ જાય છે. સમર્થ સ્થિતિ છે સ્વીચ ઓન (ચાલું) થવી. જેમ આ સ્થૂળ લાઈટ ની સ્વીચ ઓન કરવી અર્થાત્ અંધારા ને સમાપ્ત કરવું, એમ સમર્થ સ્થિતિ અર્થાત્ સ્વીચ ઓન કરવી. તો સ્વીચ ઠીક છે કે ક્યારેક ઠીક, ક્યારેક લુઝ (ઢીલી) થઈ જાય છે કે ફ્યુઝ થઈ જાય છે? ઓન કરતા તો આવડે છે ને. આજકાલ તો નાનાં-નાનાં બાળકો પણ સ્વીચ ઓન કરવામાં હોશિયાર હોય છે. ટી.વી. ની સ્વીચ ઓન કરી દે છે ને. તો સ્વીચ ઓન થવાથી એક-એક વ્યર્થ સંકલ્પને સમાપ્ત કરવાની મહેનત થી છૂટી જશો. અવ્યક્ત ફરિશ્તાઓનું આ જ શ્રેષ્ઠ કાર્ય છે. બીજી શું નવીનતા કરશો? અવ્યક્ત વર્ષમાં પોતાનો ચાર્ટ રાખ્યો હતો કે ક્યારેક રાખ્યો, ક્યારેક નહીં રાખ્યો? ક્યારેક-ક્યારેક વાળા બન્યાં કે સદા વાળા બન્યાં? ક્યારેક-ક્યારેક વાળા વધારે છે.

આ નવાં વર્ષમાં નવો ચાર્ટ રાખજો. શું નવો ચાર્ટ રાખશો? ચાર વિષય ને તો સારી રીતે જાણો છો. તો આ વર્ષ

નો આ જ ચાર્ટ રાખજો કે ચારેય વિષયમાં - ભલે જ્ઞાન માં, કે યોગ માં, ધારણા માં, સેવા માં, દરેક વિષય માં દરરોજ કાંઈ ને કાંઈ નવીનતા લાવવાની છે. જ્ઞાન અર્થાત્ સમજદાર બનવું, સમજ આપવી અને સમજદાર બની ચાલવું. જ્ઞાનમાં પણ નવીનતા નો અર્થ છે જે પોતાનામાં કમી છે એને ધારણ કરી તો નવીનતા થઈને. ના થી હા થઈ તો નવું થયું ને. આ રીતે યોગ નાં પ્રયોગ માં દરરોજ કોઈ ને કોઈ નવો અનુભવ કરો. યોગમાં બહુ સારા બેઠા, બહુજ સારો યોગ લાગ્યો, પરંતુ નવીનતા શું થઈ? પર્સન્ટેજ (પ્રતિશત) વધવા પણ નવીનતા છે. આજે જો તમારા પર્સન્ટેજ યોગ નાં ૫૦ (પ્રતિશત) છે અને કાલે ૫૦ થી વૃધ્ધિ થઈ ગઈ તો નવીનતા થઈ ગઈ. એવું નહીં કે એક જ માસ માં ૫૦-૫૦ લગાવતા જાઓ. તો ચારેય વિષય માં સ્વ ની પ્રગતિ માં નવીનતા, વિધિ માં નવીનતા, પ્રયોગ માં નવીનતા, બીજાઓને સહજ યોગી બનાવવા અને પર્સન્ટેજ વધવા એટલે નવીનતા. કોઈને દુઃખ આપ્યું, કોઈને ક્રોધ કર્યો આ તો કોમન (સામાન્ય) ચાર્ટ છે. આ તો તમારી જે રોયલ પ્રજા છે તે પણ રાખે છે. તમે રોયલ પ્રજા છો કે રાજા છો? તો નવીનતા થી સ્વતઃ જ તીવ્ર પુરુષાર્થની સમીપતાની અનુભૂતિ થતી રહેશે. સમજ્યાં શું ચાર્ટ રાખવાનો છે? અને દર ત્રણ માસ માં, રોજનો અહીં નહીં મોકલતાં, કામ વધી જશે. આ વર્ષે તો તમારે ઇકોનોમી પણ કરવાની (ઓછો ખર્ચ પણ કરવાનો) છે ને. આ વર્ષ વિશેષ ઇકોનોમી નું છે. એકનામી અને ઇકોનોમી. જ્ઞાન સરોવર બનાવી રહ્યાં છો તો બધામાં ઇકોનોમી કરજો. બધાં ખજાનાઓમાં, સમયમાં પણ, સંકલ્પમાં પણ, સંપત્તિમાં પણ, બધામાં ઇકોનોમી. તો દર ત્રણ માસ નો સ્વયં જ સાક્ષી થઈને ચાર્ટ ચેક કરીને શોર્ટ (ટૂંક) માં પોતાનાં સમાચાર આપજો. દર ત્રણ માસ માં જોજો પ્રગતિ છે કે જેવાં છો તેવાં જ છો? ઉતરતી કળામાં તો જવાનું નથી. પરંતુ એવું પણ નહીં કે જેવાં છો, તેવાં જ છો. પુરુષાર્થ માં મિડગેટ (મધ્યમ) નહીં બનતાં. મિડગેટ ગમશે! એવું નહીં કહેતાં કે ઈચ્છતા તો હતાં પરંતુ શું કરીએ.....! શું-શું નથી કહેતાં. બ્રાહ્મણોની આ ભાષા નથી કે શું કરીએ, કેવી રીતે કરીએ, એવું કરીએ, તેવું કરીએ.......પરંતુ બીજાને પણ સહયોગ આપો કે આવું કરો. સમજ્યાં શું ચાર્ટ રાખવાનો છે? હવે જોશે કોણ-કોણ શું-શું કરે છે?

બાપદાદા સ્નેહ નાં કારણે નામ એનાઉન્સ (જાહેર) નથી કરતાં. કોણે શું-શું કર્યું, જાણે તો છે ને. આજકાલ ટી.વી. ની ફેશન છે બાપદાદાની પાસે પણ ટી.વી. છે. બાપદાદા જાણે છે જે પાછલાં વર્ષે કામ આપ્યું તે કોણે કેટલું કર્યું? નામ એનાઉન્સ કરે હાફ કાસ્ટ કેટલાં રહ્યાં, ફુલ કાસ્ટ કેટલાં રહ્યાં?

તો આ વર્ષે મહાદાની-વરદાની મૂર્ત સ્વયં પ્રતિ પણ અને સર્વ પ્રતિ પણ બનો અને દરરોજ કાંઈ ને કાંઈ નવીનતા અર્થાત્ પ્રોગ્રેસ (ઉન્નતિ) અવશ્ય કરો. તો આ થયું સ્વનાં પુરુષાર્થ પ્રતિ. સેવામાં શું કરશો? સેવામાં પણ નવીનતા લાવવાની છે ને. મેળા પણ ખૂબ કરી લીધાં, પ્રદર્શનો પણ અગણિત કરી લીધાં, સેમિનાર-કોન્ફરન્સ (શિબિર-સભાઓ) પણ ઘણાં કર્યા, હવે. અવાજ બુલંદ કરવા વાળા માઈક તો તૈયાર કરવાનાં જ છે પરંતુ એની વિધિ શું છે? એમ તો પહેલાં પણ સંભળાવ્યું છે પરંતુ કર્યું ઓછું છે. સેવાનાં રીઝલ્ટ (પરિણામ) માં જોવાયું છે કે મોટાં નિમિત્ત આત્માઓને સમીપ લાવતા પહેલાં ભલે કોઈ નેતા છે, કે કોઈ મોટાં ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ (ઉદ્યોગપતિ) છે, અથવા કોઈ મોટા ઓફિસર છે, પરંતુ એમને સમીપ લાવવાનું સાધન છે તેમનાં સેક્રેટરી ને સારી રીતે સમીપ લાવો. તમે લોકો મોટાઓનાં ઉપર સમય આપો છો. તેઓ સારું-સારું કહીને પછી સુઈ જાય છે. એમને પછી જગાડવા માટે એટલો સમય તો મળતો નથી, નથી તેઓ આપતાં, ન તમે જઈ શકો છો, તેથી સેક્રેટરી જે હોય છે તે બદલાતાં પણ નથી, મોટાઓ તો બધાં બદલાઈ પણ જાય છે. આજે એક મિનિસ્ટર (મંત્રી) ની સેવા કરો છો અને કાલે તે પ્રજા બની જાય છે. સેક્રેટરી ઘણાં સહયોગી બની શકે છે. તો કોઈ પણ વર્ગની સેવામાં આ વર્ષે વિશેષ સેક્રેટરી, મેનેજર્સ કે પ્રાઇવેટ આસિસ્ટન્ટ જે પણ શક્તિશાળી હોય, મોટાઓનાં સમીપ હોય, એવાં આત્માઓની સેવા વિશેષ કરો.

બીજી વાત, પહેલાં પણ ઈશારો આપ્યો છે કે વર્તમાન સમય 'ઓછો ખર્ચ અને નામ બાલા (પ્રસિધ્ધ)' એની વિધિ છે કે જે પણ નાની કે મોટી સંસ્થાઓ છે, એસોસીએશન્સ છે એમની સાથે સંબંધ-સંપર્ક રાખો, બન્યાં-બનાવેલા સ્ટેજ પર નામ બાલા કરો. ઓછા ખર્ચે, નામ બાલા. કરો છો પરંતુ વધારે તીવ્ર ગતિ થી. દરેક દેશમાં કે દરેક ગામમાં કે દરેક જિલ્લા માં જે પણ ભિન્ન-ભિન્ન પ્રકારનાં એસોસિયેશન છે અથવા ઘણાં વર્ગના કાર્ય કરવા વાળા છે, કોન્ફરન્સ કરવા વાળા છે અથવા સંમેલન કરે છે તો બન્યાં-બનાવેલા સ્ટેજ પર સંદેશ આપો. તો સમય અને મહેનત, બંને બચી જશે. હવે તેને તીવ્ર ગતિ માં લાવો. ચેક કરો કે જે દેશ નાં કે જે સ્થાન નાં નિમિત્ત બન્યાં છો એ સ્થાનની કોઈપણ સંસ્થા વંચિત ન રહી જાય કારણ કે વર્તમાન સમયે વાયુમંડળ પરિવર્તન થઈ ગયું છે.

હમણાં ડર ઓછો છે, સ્નેહ વધારે છે, સારું માને છે. સારા બનતા નથી પરંતુ સારું માને છે એટલે આ બે પ્રકારની સેવાને વધારે અન્ડરલાઇન કરો (ધ્યાન આપો) તો સહજ માઈક તૈયાર થઈ જશે. નવું વર્ષ શરું કર્યું છે તો નવી વિધિ અને વિધાન પણ જોઈએ ને.

આ નવાં વર્ષ નાં અમૃતવેલે સદા આ સ્લોગન ઈમર્જ (યાદ) કરજો કે "સદા ઉમંગ ઉત્સાહ માં ઉડવાનું છે અને બીજાને પણ ઉડાવવાના છે." વચ્ચે-વચ્ચે ચેક કરજો. એવું નહીં કે અમૃતવેલા ચેક કરો અને આખો દિવસ મર્જ કરી દો (ભૂલી જાઓ). પછી રાત્રે વિચારો કે આજનો દિવસ તો આમ જ રહ્યો. નહીં, વચ્ચે-વચ્ચે ચેક કરો ઈમર્જ કરો કે ઉમંગ-ઉત્સાહ નાં બદલે કોઈ બીજા રસ્તા પર તો નથી ચાલી ગયાં? ઉડતી કળા નાં બદલે બીજી કોઈ કળાએ તો પોતાની તરફ આકર્ષિત નથી કર્યા? અચ્છા!

ચારેય તરફનાં નવ જીવન અનુભવ કરવા વાળા સર્વ બ્રાહ્મણ બાળકો ને, સદા નવાં યુગ નાં આધારમૂર્ત શ્રેષ્ઠ આત્માઓ ને, સદા સંકલ્પ, બોલ અને કર્મ દ્વારા મહાદાની-વરદાની આત્માઓ ને, સદા સ્વયં ની સ્થિતિ દ્વારા બીજાઓની પરિસ્થિતિ ને પણ સહજ બનાવવા વાળા સમર્થ આત્માઓ ને, સદા દરેક દિવસે સ્વયં માં પ્રગતિ અર્થાત્ નવીનતા અનુભવ કરવા વાળા સમીપ આત્માઓ ને, સદા એકનામી અને ઇકોનોમી કરવા વાળા બાપ સમાન સમીપ આત્માઓ ને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

વરદાન :- તન ને આત્મા નું મંદિર સમજી એને સ્વચ્છ બનાવવા વાળા નંબરવન શ્રેષ્ઠ બ્રાહ્મણ આત્મા ભવ
અમે બ્રાહ્મણ આત્માઓ આખાં કલ્પ માં નંબરવન શ્રેષ્ઠ આત્માઓ છીએ, હીરા તુલ્ય છીએ આ સ્મૃતિથી તન ને આત્મા નું મંદિર સમજીને સ્વચ્છ રાખવાનું છે. જેટલી મૂર્તિ શ્રેષ્ઠ હોય છે એટલું જ મંદિર પણ શ્રેષ્ઠ હોય છે. તો આ શરીર રુપી મંદિર નાં અમે ટ્રસ્ટી (નિમિત્ત) છીએ, આ ટ્રસ્ટીપણું જાતેજ સ્વચ્છતા તથા પવિત્રતા લાવે છે. આ વિધિ થી તન ની પવિત્રતા સદા રુહાની સુગંધ નો અનુભવ કરાવતી રહેશે.

સ્લોગન :- રુહાનિયત માં રહેવાનું વ્રત લેવું જ જ્ઞાની તૂ આત્મા બનવું છે.